# Divya Bhaskar (City Bhaskar)

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 04

ગ્લોબલ વોર્મિંગ વૈશ્વિક સમસ્યા બની રહી છે ત્યારે હાલમાં વૈજ્ઞાનિકો નવી ટેક્નિક્સ દ્વારા પ્રદૂષણ નાથવાના પ્રયાસો કરી રહ્યાં છે

# બાયોકોલ ઉપયોગી બની શકે

- **બાયોકોલ ઈંધણનો પર્યાય બનીને ઉભરી રહ્યું છે**
- બાયોકોલથી સીઓટી હવામાં મિક્સ થતું નથી
- **નોન સ્કિલ લોકોને પણ રોજગારી આપી શકાય છે**



• **સિટી રિપોર્ટર** . વડોદરા

એક બાજુ પર્યાવરણ બચાવવા માટે વિશ્વ ચિંતા કરી રહ્યું છે, ત્યારે પર્યાવરણનું મહત્વનું અંગ એટલે વૃક્ષોને બચાવવા અને ઈંધણના પ્રર્યાયના વિકલ્પ માટે ઉપયોગી બની રહેલું બાયો કોલ વરદાન સાબિત થઈ શકે છે. એગ્રીકલ્ચરના વેસ્ટમાંથી બનતુ અને ઈંધણ ઈન્ડસ્ટ્રીઓમાં ઈંધણ તરીકે પણ ઉપયોગી સાબિત થઈ શકતુ બાયો કોલ સેન્ટ્રલ ગુજરાત બ્રિક્વેટ્રીસ મેનુફેક્ચરીંગ એસોસિયેશન દ્વારા પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યું.

એગ્રીકલ્ચરના ઘન કચરાનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા બાયો કોલને નેચરલી બ્લેન્ડીંગ કરીને બનાવવામાં આવે છે. આ પ્રોડક્ટને લાકડાની અવેજીમાં પણ વાપરી શકાય છે. બાયો કોલને દહન કરવાથી કાર્બન ડાયોક્સાઈડનું હવામાં ન ભળતું હોવાથી પ્રદુષણને પણ અટકાવી શકાય છે. જેથી કાર્બન ડાયોક્સાઈડની ઉત્પન્ન પણ અટકશે. બાયો કોલના પ્રોડક્શનથી વેસ્ટ આપતા ખેડુતોને આવક પણ થઈ શકે છે, જ્યારે નોન સ્કિલ લોકોને પણ રોજગારી આપી શકાય છે.